પેજ 3

ટાઇગર પર હુમલા બાદ સલમાન ખાને બ્રેક લીધાની વાતો

મુંબઈ, તા. 20: મુંબઈમાં અભિનેતા ટાઇગર શ્રોફ પર થયેલી ફાયરિંગની ઘટના પછી સોશિયલ મીડિયા અને અનેક મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, સુરક્ષાના કારણોસર સલમાન ખાને 'બિગ બોસ 20'થી બ્રેક લઈ લીધો છે. તેમની જગ્યાએ હવે રોહિત શેટ્ટી બિગ બોસમાં 'વીકએન્ડ કા વાર' હોસ્ટ કરતા નજરે પડશે. જોકે, સલમાનને લઈને કરવામાં આવી રહેલા આ દાવાઓ ખોટા છે. સલમાનના બ્રેકનો ટાઇગર શ્રોફ પર થયેલા હુમલા સાથે કોઈ સંબંધ નથી. સલમાન ખાને રવિવારે (18 ઓક્ટોબર) પ્રસારિત થયેલા એપિસોડમાં ટાઇગર શ્રોફ પર થયેલા હુમલા પહેલાં જ પોતાની ગેરહાજરીનું એલાન કરી દીધું હતું. તેણે ઘરવાળાઓને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પોતાના અગાઉથી નક્કી કરેલા કામ અને ફિલ્મના શૂટિંગના કારણે તેઓ આગામી 'વીકએન્ડ કા વાર' એપિસોડમાં નજરે નહીં આવે.

'સલમાન ખાને બિશ્નોઈ સમુદાયની માફી માંગી લેવી જોઈએ': અનુપ જલોટા

મુંબઈ, તા. 20: દિગ્ગજ ગાયક અનુપ જલોટાનું માનવું છે કે, ફિલ્મમેકર રોહિત શેટ્ટીથી લઈને અભિનેતા ટાયગર શ્રોફ સુધી બોલિવૂડ સેલેબ્રિટીઓ સામેની હિંસાની લહેરને રોકવાનો માત્ર એક જ રસ્તો છે - સલમાન ખાને બિશ્નોઈ સમુદાયની માફી માંગી લેવી જોઈએ. ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના સાથીઓએ આ બંને હુમલાની જવાબદારી સ્વીકારી છે, જેનું કારણ સેલેબ્રિટીઓની સલમાન સાથેની નિકટતા દર્શાવ્યું છે, જેની સામે લોરેન્સે ભૂતકાળમાં અનેક વખત ધમકીઓ આપી છે. તાજેતરમાં એક ઇન્ટરવ્યુમાં જ્યારે મુંબઈમાં ગત રવિવારે ટાયગર શ્રોફ પર થયેલા હત્યાના પ્રયાસ વિશે પૂછવામાં આવ્યું ત્યારે અનુપ જલોટાએ કહ્યું, "હું આનાથી ખૂબ જ દુઃખી છું." જલોટાએ ઉમેર્યું, "આ બધું રોકવાનો માત્ર એક જ રસ્તો છે. સલમાન ખાને બિશ્નોઈ સમુદાયની માફી માંગી લેવી જોઈએ."

દીપિકા-રણવીરે દીકરીનું નામ 'દેવી' પાડ્યું

મુંબઈ, તા. 20: અભિનેત્રી દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે તેમની બીજી દીકરીનું નામ 'દેવી પાદુકોણ સિંહ' રાખ્યું હોવાનું જાહેર કર્યું છે. આ દંપતીએ સોશિયલ મીડિયા પર નવજાત બાળકી અને મોટી દીકરી દુઆ સાથેનો એક પારિવારિક ફોટો શેર કર્યો છે, જેનાથી ચાહકોને તેમના ચાર સભ્યોના પરિવારની એક ઝલક જોવા મળી છે. તેમણે આ પોસ્ટ સાથે કેપ્શન લખ્યું હતું, "પ્રેમ અને ખુશીઓથી ભરપૂર□ દેવી પાદુકોણ સિંહ." આ ફોટોગ્રાફમાં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ પરંપરાગત આઈવરી અને ગોલ્ડન આઉટફિટમાં નવજાત દેવીને રમાડતા નજરે પડે છે, જ્યારે દુઆ તેની નાની બહેનને વહાલથી કિસ કરી રહી છે.

દિશા પટનીના બરેલી સ્થિત ઘર પર સુરક્ષા સઘન કરાઈ

બરેલી (યુપી), તા. 20 (પીટીઆઈ): બોલિવૂડ અભિનેતા ટાઇગર શ્રોફની કાર પર થયેલા ગોળીબારની ઘટના બાદ બોલિવૂડ અભિનેત્રી દિશા પટનીના પિતા અને નિવૃત્ત ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ જગદીશ સિંહ પટનીના બરેલી સ્થિત નિવાસસ્થાને સુરક્ષા સઘન કરી દેવામાં આવી છે. એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું. આ પગલું સાવચેતીના ભાગરૂપે લેવામાં આવ્યું છે. કારણ કે, ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પટનીના નિવાસસ્થાનને નિશાન બનાવીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. સર્કલ ઓફિસર (સિટી-1) આશુતોષ શિવમે સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરવા, પરિસરમાં અને બહાર લગાવેલા સીસીટીવી કેમેરાનું નિરીક્ષણ કરવા અને ત્યાં તૈનાત પોલીસ જવાનોને સૂચનાઓ આપવા માટે નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી.

ફાયરિંગ બાદ ટાઇગર શ્રોફને મળી પોલીસ સુરક્ષા, બોડીગાર્ડ તૈનાત

મુંબઈ, તા. 20: ટાઇગર શ્રોફને ફાયરિંગની ઘટના બાદ પોલીસ સુરક્ષા આપવામાં આવી છે. મુંબઈ પોલીસની પ્રોટેક્શન બ્રાન્ચે ટાઇગરની સુરક્ષા માટે બોડીગાર્ડ તૈનાત કર્યા છે. બીજી તરફ, સ્થાનિક પોલીસ સ્ટેશન દ્વારા એક પોલીસ અધિકારી અને વધારાના જવાનોને પણ તેમની સુરક્ષામાં મૂકવામાં આવ્યા છે. મળેલી માહિતી મુજબ, ટાઇગર શ્રોફ પર ફાયરિંગ મામલે હરિયાણાના સોનીપત નિવાસી રેહાનની ધરપકડ બાદ પોલીસે તેના બે મિત્રો, સમીર અને બોનીને પણ કસ્ટડીમાં લીધા છે. સમીર, રેહાનનો પડોશી પણ રહી ચૂક્યો છે. જોકે, સોનીપત પોલીસે આ વાતની પુષ્ટિ કરી નથી. રેહાનની માતા શમશીદાનું કહેવું છે કે પોલીસ બંનેને પોતાની સાથે લઈ ગઈ છે.

રાષ્ટ્રીય હિત માટે તમામ રાજકીય પક્ષો એક થાય: મોદી

દિલ્હીમાં દશેરાની ઉજવણીમાં સામેલ થતા વડાપ્રધાને દેશના ખરા દુશ્મનોને ઓળખીને તેમને પરાસ્ત કરવા લોકોને હાકલ કરી

» વડાપ્રધાન મોદીએ ઇન્દ્રપ્રસ્થ મેદાન સાથે તીર છોડીને રાવણ દહન કર્યું હતું

નવી દિલ્હી, તા. 20 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે, દેશની તમામ સંસ્થાઓ અને રાજકીય પક્ષોએ રાષ્ટ્રીય હિત માટે એક થવું જોઈએ અને દેશના દુશ્મનો સામે મળીને લડવું જોઈએ.

અહીં દશેરાની ઉજવણીમાં ભાગ લેતાં મોદીએ એમ પણ કહ્યું કે, સંકટ ગમે તેટલું મોટું કે મુશ્કેલ હોય, કોઈએ બીજા પર આધાર રાખીને બેસી રહેવું જોઈએ નહીં અને પોતાની તાકાત ઓળખવી જોઈએ. વડાપ્રધાને દેશના ખરા દુશ્મનોને ઓળખીને તેમને પરાસ્ત કરવા માટે હાકલ કરી હતી.

વડાપ્રધાને કહ્યું, "આપણા વિચારો એક થાય, અને... દેશની તમામ સંસ્થાઓ, તમામ રાજકીય પક્ષો રાષ્ટ્રીય હિત માટે એકસાથે ઊભા રહે. આપણે આ જ ભાવના સાથે આગળ વધવું પડશે અને આપણે દેશના દુશ્મનો સામે મળીને લડવું પડશે." તેમની સરકારનું લક્ષ્ય ભારતને આત્મનિર્ભર બનાવવાનું છે તેના પર ભાર મૂકતાં વડા પ્રધાને કહ્યું, "આપણને આપણા સંસાધનો પર વિશ્વાસ હોવો જોઈએ. આપણે આપણા સંકલ્પને શક્તિમાં બદલવો જ જોઈએ અને આપણે આપણી સખત મહેનત દ્વારા ઉકેલો શોધવા જોઈએ. કારણ કે, ભગવાન શ્રી રામે આપણને શીખવ્યું છે કે મુશ્કેલીઓ આપણી યાત્રાને રોકી શકતી નથી."

વડા પ્રધાને કહ્યું કે, 'રામ રાજ્ય'માં કોઈની સાથે ભેદભાવ કરવામાં આવતો નથી અને દરેકને ન્યાય અને સમાન તકો મળે છે. સત્તાનો ઉદ્દેશ્ય શાસન કરવાનો નથી, પરંતુ લોકકલ્યાણ સુનિશ્ચિત કરવાનો છે - આ જ ભગવાન રામનો આદર્શ છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દશેરા એ અસત્ય પર સત્યના વિજયનો તહેવાર છે અને તે લોકોને વિશ્વાસ કરવાની હિંમત આપે છે કે, દુશ્મન ગમે તેટલો શક્તિશાળી હોય, જ્યારે આપણે સત્ય અને માનવતા સાથે ઊભા રહીએ છીએ ત્યારે વિજય આખરે આપણો જ થાય છે." વડાપ્રધાને કહ્યું કે, દશેરાની ભાવના હંમેશાં ભારતના દર્શનના કેન્દ્રમાં રહી છે.

ઈરાનની યુરોપને ધમકી: સંયુક્ત રાષ્ટ્રની તાકીદની બેઠક બોલાવી

જો અમેરિકા ફરીથી ઇરાન પર હુમલો કરશે, તો તેહરાન યુરોપના નવ દેશોને નિશાન બનાવી શકે છે

નવી દિલ્હી, તા. 20

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર હવે મીડલ ઈસ્ટથી લઈને વિશ્વના ક્રુડ બજારો, હવાઈ ફ્લાઈટસ અને ઈન્ટરનેટ નેટવર્ક સુધી દેખાઈ રહી છે. અમેરિકા અને ઈઝરાયલ પર ફરીથી હુમલા કરવાની ધમકી આપવાનો આરોપ લગાવતા ઈરાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને તાકીદની બેઠક બોલાવવા જણાવ્યું છે.

બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાથી અંતર વધારવા માટે ઈરાનના મુદ્દાને સમર્થન ન આપતા યુરોપિયન દેશોને ચેતવણી આપી છે. દરમિયાન, નવ દેશોને નિશાન બનાવવાની ઈરાનની ચેતવણી, હોર્મુઝની સામુદ્રધુનીમાં સમુદ્રની નીચે નાખવામાં આવેલા ઈન્ટરનેટ કેબલને ખતરો અને તેલના ભાવમાં વધઘટથી પણ ચિંતા વધી છે.

ઈરાને યુએન સુરક્ષા પરિષદને તાકીદની બેઠક બોલાવવા જણાવ્યું છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલ પર ફરીથી હુમલો કરવાની અને મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવાની ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે. સત્તાવાર સમાચાર એજન્સી ઈરના જણાવ્યા અનુસાર, સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના રાજદૂત ગુલામહુસૈન દરજીએ અમેરિકાના એમઓએબીના સંભવિત ઉપયોગ અને ઈરાનના ઉર્જા માળખા માટે ઈઝરાયલના ખતરા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ અને સુરક્ષા પરિષદના પ્રમુખને લખેલા પત્રમાં તેમણે કહ્યું હતું કે નાગરિક સુવિધાઓને નષ્ટ કરવાની ધમકીઓ પર કાઉન્સિલ ચૂપ રહી શકે નહીં.

ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતાબા ખામેનીએ 19 ઓક્ટોબરના રોજ ચેતવણી આપી હતી કે જો અમેરિકા ફરીથી ઈરાનના સૈન્ય મથકો અથવા પેટ્રોકેમિકલ સુવિધાઓ પર હુમલો કરે છે, તો તેહરાન નવ દેશોને નિશાન બનાવી શકે છે.

દક્ષિણપશ્ચિમ કોલંબિયામાં સોનાની ખાણ ધરાશાયી થતાં ઓછામાં ઓછા 14 લોકોનાં મોત

છેલ્લા ત્રણ મહિના કરતાં ઓછા સમયમાં નારિનોમાં ખાણ ધરાશાયી થવાની બે ઘટનામાં 27 લોકોનાં મોત થયાં

બોગોટા, તા. ૨૦ (AP): કોલંબિયાના નારિનો પ્રાંતના એક અંતરિયાળ વિસ્તારમાં પરવાનગી વગર ચાલતી ખુલ્લી સોનાની ખાણ ધરાશાયી થતાં ઓછામાં ઓછા 14 ખનિજકર્મીઓનાં મોત થયાં છે. એમ પ્રાદેશિક સત્તાવાળાઓએ જણાવ્યું હતું. નારિનોની સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સોમવારે સાન્તા બાર્બરા દે ઈસ્કુઆન્ડે નામના નાના શહેર નજીક સર્જાયેલી આ ખનન દુર્ઘટનામાં અન્ય 7 લોકો ઘાયલ થયા છે. સાથે જ ઉમેર્યું હતું કે સોમવારે રાત્રે જ શોધખોળની કામગીરી પૂરી થઈ ગઈ હતી.

નિવેદનમાં જણાવાયું હતું કે, "આ કટોકટી અનિયમિત ખનન સાથે સંકળાયેલા જોખમોને વધુ એક વખત ઉજાગર કરે છે. ત્રણ મહિના કરતાં ઓછા સમયમાં નારિનોમાં ખાણ ધરાશાયી થવાની બે ઘટનાઓમાં 27 લોકોનાં મોત થયાં છે."

સાન્તા બાર્બરા દે ઈસ્કુઆન્ડે ગાઢ વર્ષા જંગલોથી ઘેરાયેલું છે અને ત્યાં માત્ર બોટ અથવા નાના વિમાન દ્વારા જ પહોંચી શકાય છે, જેના કારણે રાહતકર્મીઓ માટે આ વિસ્તારમાં પહોંચવું મુશ્કેલ બને છે.

નારિનોના ગવર્નર લૂઇસ અલ્ફોન્સો એસ્કોબારે જણાવ્યું હતું કે, "આ દુઃખદ અકસ્માતમાં આખા પરિવારો માર્યા ગયા છે. આ ખૂબ જ દુઃખદ છે." કોલંબિયામાં સેંકડો નાની ખાણો સરકારી પરવાનગી વગર ચાલે છે અને કેટલીક ખાણો પર બળવાખોર જૂથોનું નિયંત્રણ છે.

પહોંચવાની મુશ્કેલી ઉપરાંત, સાન્તા બાર્બરા દે ઈસ્કુઆન્ડેને સુરક્ષાની સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. રિપોર્ટ મુજબ, આ વિસ્તારમાં બે બળવાખોર જૂથો સક્રિય છે, જેમાં કોલંબિયાની સરકાર સાથેના 2016ના શાંતિ કરારમાં જોડાવાનો ઈનકાર કરનાર રિવોલ્યુશનરી આર્મ્ડ ફોર્સિસ ઓફ કોલંબિયા (એફએઆરસી)ના ભૂતપૂર્વ સભ્યો દ્વારા સંચાલિત જેકોબો અરેનાસ બ્લોક પણ સામેલ છે.

સ્પેનમાં ભારે વરસાદથી હાહાકાર: ચારનાં મોત

૧૦૦ નગરપાલિકાઓના વિસ્તારોના લોકોને કલાકો સુધી ઘરોમાં જ રોકી રખાયા

માડ્રિડ, તા. ૨૦: સ્પેનના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ થયો છે. બાલેરિક ટાપુઓ અને કેટાલોનિયામાં પણ ત્રાટકેલા આ ભારે વરસાદને કારણે સત્તાવાળાઓએ આશરે ૧૦૦ નગરપાલિકાઓના વિસ્તારના લોકોને કેટલાક કલાકો સુધી ઘરમાં જ રહેવાનો આદેશ આપ્યો હતો. વરસાદને લગતા બનાવોમાં ચારનાં મોત થયા હોવાનું જાણવા મળે છે.

હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે માનવસર્જિત આબોહવા પરિવર્તન આવા આત્યંતિક હવામાનની ઘટનાઓને વધુ વારંવાર અને વિનાશક બનાવે છે. રાષ્ટ્રીય હવામાન એજન્સી AEMETએ જણાવ્યું હતું કે 'સ્ટોર્મ આદમ' સાથે જોડાયેલા મૂશળધાર વરસાદે પૂર્વ સ્પેનમાં અસાધારણ માત્રામાં વરસાદ વરસાવ્યો હતો, જેમાં એલિયાન્ટ પ્રાંતના પેગોમાં ૩૬ કલાકમાં ૬૩૨ મિમી વરસાદ નોંધાયો હતો. AEMETએ અનેક રેડ એલર્ટ જારી કર્યા હતા, જેમાં સ્થાનિક લોકોને તમામ પ્રકારની મુસાફરી ટાળવા અને ઊંચાણવાળા વિસ્તારોમાં જવાની ચેતવણી આપવામાં આવી હતી.

યુકેમાં કોવિડ રોગચાળા વખતે પીપીઈ કિટ કૌભાંડ કરનાર ભારતીય દંપતિને જેલની સજા

લંડન, તા. 20(PTI): યુકેમાં કોવિડ રોગચાળા દરમિયાન પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ(PPE) પૂરા પાડવાનો ખોટો દાવો કરવા અને ત્યારબાદ તે નાણાંનું ગેરકાયદેસર મની લોન્ડરિંગ કરવા બદલ ભારતીય મૂળના એક દંપતીને જેલની સજા ફટકારવામાં આવી છે. જુલાઈમાં લેસિસ્ટર ક્રાઉન કોર્ટમાં પાંચ અઠવાડિયાના કેસની સુનાવણી બાદ જોગેશ ભંડારી (59) અને મીનાક્ષી ભંડારી (58)ને છેતરપિંડી અને મની લોન્ડરિંગના અનેક ગુનાઓમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. 7 ઓક્ટોબરે તેમની પત્નીને બે વર્ષની સ્થગિત જેલની સજા (સસ્પેન્ડેડ સેન્ટેન્સ) અને 250 કલાકના બિન-વેતનીય સામાજિક કાર્યની સજા સંભળાવવામાં આવી હતી, જ્યારે ભંડારીએ સ્વાસ્થ્ય સમસ્યાઓનું બહાનું કાઢીને કોર્ટમાં હાજર રહેવાનું ટાળ્યું હતું. જજે તેમની ધરપકડનો આદેશ આપ્યા બાદ આખરે ગત અઠવાડિયે તેમને આઠ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

2020 અને 2021 માં દંપતીની કંપની વતી અનેક છેતરપિંડીના સોદા કરનાર ક્રેગ મોરિસ(43) ને પણ આ મહિનાની શરૂઆતમાં મીનાની સાથે ત્રણ વર્ષ અને નવ મહિનાની જેલની સજા સંભળાવવામાં આવી હતી.

પાકિસ્તાન લશ્કરના વડા મુનિર ઈરાન પહોંચ્યા

ઈસ્લામાબાદ, તા. 20 (પીટીઆઈ): ઈરાની મીડિયાના અહેવાલ મુજબ, પ્રાદેશિક તણાવ ઓછો કરવાના ઈસ્લામાબાદના પ્રયાસોના ભાગરૂપે પાકિસ્તાનના ડિફેન્સ ફોર્સીસના ચીફ ફિલ્ડ માર્શલ અસિમ મુનિર મંગળવારે ઈરાન પહોંચ્યા હતા. ઈરાનની સરકારી સમાચાર એજન્સી આઈઆરએનએ અહેવાલ આપ્યો છે કે, ''ફિલ્ડ માર્શલ મુનિર પાકિસ્તાની અધિકારીઓના પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરીને મંગળવારે બપોરે તેહરાન પહોંચ્યા હતા.''

મહે. સુરતના ૨૦ માં અધિક સિનિ. સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં

રૂમ નં.૩૫, ચોથો માળ, ફાસ્ટ્રેક કોર્ટ બિલ્ડીંગ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત.

વાદી : પ્રેમિલાબેન મહેશભાઈ રાણા — રે.દી.મુ.નં. ૨૯૪/૨૦૨૫

વિરુધ્ધ — અરજદારના એડવોકેટ : અશોક એસ. રાણા

પ્રતિવાદી : જન્મ–મરણ, રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા

આથી જાહેર જનતાને નોટિસ આપી જણાવવાનું કે, વાદીએ તેઓના મર્હુમ પતિ મહેશભાઈ કંચનલાલ રાણા તા.૦૪–૦૬–૨૦૧૫ થી યાને ૭ વર્ષ કરતા વધુ સમયથી યાને સુમારે ૧૦ વર્ષથી સતત ગુમ છે, જેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમ કલમ–૧૧૧ (ઈન્ડીયન એવીડેન્સ એક્ટની કલમ–૧૦૮) ની જોગવાઈ મુજબ વાદીના મજકુર પતિને મરણ ગયેલાનું જાહેર કરતુ હુકમનામું મેળવવા માટે તથા તેઓના મરણની નોંધ કરી, તેઓનો મરણ દાખલો ઈસ્યુ કરે તેવો આદેશાત્મ હુકમ મેળવવા રે.દિ.મુ. નં. ૨૯૪/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં દાવો દાખલ કરેલ છે. જે દાવાના કામે સુનવણીની **તા.૧૬–૧૧–૨૦૨૬** ના રોજ સવારે ૧૧.૦૦ અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. આ દાવા અરજી વિરુધ્ધ જે કોઈ ઈસમોને વાંધા હોય તેઓએ જાતે અગર તો વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ. જો એમ કરવામાં કસુર કરશો તો વાદીની દાદ ગ્રાહય રાખી માંગ્યા મુજબનો હુકમ કરવામાં આવશે, જેનો નોંધ લેશો.

આજ રોજ તા.૦૯–૧૦–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર સહી/– (પી. કે. રેંટીયા) આસીસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/– (આઈ. એફ. ગઢવી) સુપ્રિન્ટેન્ડન્ટ | કોર્ટનો સિકકો | હુકમથી સહી/– (હીના દેસાઈ) રજીસ્ટ્રારશ્રી

૨૦માં એડીશનલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટ, સુરત.

-: ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ અંગેની જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીક્ટ, પલસાણા સબ ડીસ્ટ્રીક્ટના મોજે ગામ પારડીપાતાના રે.સ.નંબર/બ્લોક નં. ૧૯૬ વાળી જુની શરતની ખેતીની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૨-૨૯-૬૬ ચો.મી. જેનો આકાર રૂા. ૧૭.૫૦ પૈસા છે તે જમીનના મુળ માલિક પટેલ રાજદીપભાઈ અશોકભાઈ ચાલી આવેલ છે. સદરહુ જમીનના માલિકે મજકુર જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેમની જરૂરીયાત માટે અમારી પાસે મજકુર જમીન અંગેના ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આથી મજકુર જમીનમાં કોઇનો કોઈપણ જાતનો હકક, હિત કે હિસ્સો, લાગભાગ, દર- દાવો યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણપોષણ વિગેરેના હકકો હોય તથા જો કોઇપણ વ્યક્તિનો ભારત દેશની કોઈપણ કોર્ટમાં, કોઇપણ કેસ પેન્ડીંગ હોય તો તેમને આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં લેખિત વાંધા, દસ્તાવેજી પુરાવા સહિત હમોને રૂબરૂ મળવું, મુદત વિત્યેથી કોઇના કોઈપણ પ્રકારના હકક, હિત, કે હિસ્સો, લાગભાગ, દર- દાવો. કોર્ટ કેસ યા ઇઝમેન્ટ, ખોરાકી કે ભરણ-પોષણ વિગેરેના હકક નથી અને હોય તો છોડી દીધેલ છે એવું માની મજકુર જમીનનું ટાઇટલ કલીયરન્સનું સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

(અસીલની સહી) — સ્થળ:સુરત, તા.૨૦/૧૦/૨૦૨૬

મારી મારફત- કલ્પેશ ડી. ભામરે

ઓફીસ:- ૧૦૩૩, ઓમ નગર, શેરી નં. ૧૬, ડિંડોલી, ખરવાસા રોડ, સુરત મો. નં. ૯૭૨૬૨૮૪૬૯૨

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

જી.સુરત, તા.ઓલપાડ, મોજે.પીંજરત, નાં રે.સર્વે નં.૪૯/૩બ, બ્લોક નં.૧૦૦/બ, કે જેનો ખાતા નં.૨૧૩૩, જેનુ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૬-૦૦ ચો.મીટર, જેનો આકાર રૂા.૦.૮૭ પૈસા વાળી જુની શરતની સંપુર્ણ જમીન મિલકત (૧) શાંતિલાલ લક્ષ્મણભાઈ પટેલ, (૨) સુમનબેન બળવંતભાઈ પટેલ, (૩) રીટાબેન બળવંતભાઈ પટેલની પુત્રી તે નવીનભાઈ પટેલની પત્ની, (૪) મિતાલીબેન બળવંતભાઈ પટેલની પુત્રી તે નરેશભાઈ પટેલની પત્ની, (૫) પારૂલબેન બળવંતભાઈ પટેલની પુત્રી તે દિપેશભાઈ પટેલની પત્ની, તથા (૬) હિરેનભાઈ બળવંતભાઈ પટેલ, નાઓની માલીકીની ચાલી આવેલ હોય, જેઓ સદરહું જમીનના પોતે સંયુકત માલીક કબજેદાર હોવાનું તથા સદર મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવી, અમારા અસીલને વેચાણ આપવા માંગે છે. જે અંગેનાં અમારા અસીલ રજીસ્ટર્ડ સાટાખત અગરતો વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેનાર છે. સબબ, સદર જમીન મિલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર કે બેંક યા નાણાંકીય સંસ્થાનું લીયન હોય તો જરૂરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭(સાત) માં અમારો રૂબરૂ સંપર્ક સાધવો અથવા રજીસ્ટર્ડ એ.ડી. થી નકલો મોકલી આપવી. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતના પાકા દસ્તાવેજો કરી-કરાવી લેશે, અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર દાવો ફરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. — સ્થળ. સુરત, તા. ૨૦/૧૦/૨૦૨૬

મારી મારફત, પિયુષ બલર તે ખરીદનારના એડવોકેટ

ઓફીસ:- યુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.નં. ૮૪૬૯૫ ૬૬૬૬૬

:: ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત જીલ્લાના ઓલપાડ તાલુકાના મોજે ગામ ટકારમાના ખાતા નં. ૯૦, રે. સર્વે નં. ૨૮, ૨૯, જેનો બ્લોક નં. ૭૪ વાળી સુમારે હે. ૨-૩૪ આરે-૭૨ ચો.મી. ક્ષેત્રફળ તથા જેનો આકાર રૂા. ૩૦.૫૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા તેના માલીકો (૧) પિયુષકુમાર ઠાકોરભાઈ (૨) કૌશિકાબેન નિમેષભાઈની વિધવા (૩) બિન્ચા નિમેષભાઈ (૪) રોશની નિમેષભાઈ (૫) જયકુમાર નિમેષભાઈ (૬) નીધીબેન તે પિયુષભાઈ પટેલની પુત્રી અને રાજ પટેલની પત્ની (૭) કુશ પિયુષભાઈ પટેલ (૮) કેવીન પિયુષભાઈ પટેલ તમામ રહે. એ-૪૨, પાદરીયો મહોલ્લો, કંકુનગર સોસાયટીની પાછળ, અડાજણ ગામ, સુરત નાની કુલ સંપુર્ણ, અને સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટા હેઠળની ચાલી આવેલાનું તેમજ કોઈ બોજા યા ચાર્જ ન હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે, સબબ સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે બેંક, વ્યકિત, શરાફ કે સંસ્થાના ચાર્જ, બોજા, લ્હેણા યા કોઈપણ જાતના લાગભાગ, હકક, હીત, સંબંધ, અધિકાર, દર-દાવા યા ખોરાકી પોષાકી અંગેના કોઈ હકક, લાગભાગ કે અધિકાર કે પાણીના નિકાલના કે રસ્તાના આવવા-જવાના હકકો વિગેરે હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દીન-૭ માં લેખીત પુરાવાઓ સહિત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો, સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હીત, સંબંધ, ચાર્જ, બોજા નથી અને હોય તો વેઈવ કરેલ હોવાનું માની લઈ, અમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરના પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં, જેની સ્પષ્ટ નોંધ લેશોજી....

અમારી સુચના અને ફરમાયશથી સહી... પિયુષકુમાર ઠાકોરભાઈ વિગેરે

ઠે.: એફ-૧, લુપ્રિત આર્કેડ, પેટ્રોલ પંપની પાસે, ઓલપાડ મેઈન રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત. મો.નં. ૯૯૦૯૦ ૦૯૧૦૦

મારી મારફત રઈશ એ. શેખ એડવોકેટ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લા નાં માંગરોલ તાલુકાનાં મોજે ગામ મહુવેજ ના મુળ રે.સરવે નં. ૫૩૦/૨૩, જુના બ્લોક નં. ૫૫૨, રી-સરવે બાદ નવા બ્લોક નં. ૩૪૮, ખાતા નં. ૪૯૭ થી નોધાયેલી હે.આરે ૦-૫૩-૬૬ ચો.મી. જુની શરતની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડ ઉપર (૧) ભરતભાઇ રામુભાઇ પરમાર, (૨) દિલીપભાઇ રામુભાઇ પરમાર, (૩) જગદીશભાઇ રામુભાઇ પરમાર, (મરણ:- અપરણીત, નીઃસંતાન) (૪) વિજયાબેન રામુભાઇ પરમાર, (૫) રક્ષાબેન રામુભાઇ પરમાર તથા (૬) રેખાબેન રામુભાઇ પરમાર નાં નામ ઉપર ચાલી આવેલ છે. તેમણે ઉપરોકત સદરહું જમીન તમામ પ્રકારનાં બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા ભોગવટા સાથે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનુ જણાવી અમારા અસીલ ને વેચાણ આપવાની કબુલાત આપેલ છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહું જમીન નો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સદરહું જમીન મીલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, અધિકાર કે કોઈપણ પ્રકારનું લખાણ કે બેંક યા નાણાંકીય સંસ્થા નો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન૭(સાત)માં પુરાવા, વાંધા સાથે લેખીતમાં અમોને અમારા અસીલ વતી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, હિત કે દર દાવો, હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે, વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર જમીન મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તરતકરાર, દર દાવો, ફરીયાદ ગ્રાહ્ય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. — તા. ૨૧/૧૦/૨૦૨૬

૨૦૭, દીપ કમલ-૧, સરથાણા પ્રાણી સંગ્રહાલયની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત-૩૯૫૦૦૬ મો. ૭૫૬૭૮ ૨૫૬૦૦

રોહીત આર કોટડીયા તે ખરીદનાર ના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ જલાલપોર તાલુકાના, મોજે ગામ : દાંતી ના ખેડ ખાતા નંબર : ૨૦૫, બ્લોક નંબર : ૧૧૧, રી-સર્વે બાદ નવો બ્લોક નંબર : ૧૩૮ થી નોંધાયેલ અસલ જુની શરતની ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે.આરે. ૧-૧૮-૧૦ ચો.મી. છે જેનો આકાર રૂા. ૧.૧૦ પૈસા છે તે ખેતીની જમીન દયાળભાઈ રવજીભાઈ, નરેશભાઈ બાલુભાઈ, રમેશભાઈ બાલુભાઈ, જગદીશભાઈ બાલુભાઈ, જશુબેન બાલુભાઈ, ઈંદાબેન બાલુભાઈ, સુશીલાબેન પરસોત્તમભાઈ પટેલ, પ્રતિક્ષાબેન પરસોત્તમભાઈ પટેલ, શૈલેષભાઈ પરસોત્તમભાઈ પટેલ, ક્રિસ્ટલીના પરસોત્તમભાઈ પટેલ તે અલ્પેશભાઈ પટેલની પત્નિ, અંતરીક્ષ પરસોત્તમભાઈ પટેલ, ધીરૂભાઈ વાલજીભાઈ પટેલ, નયનાબેન જગદીશભાઈ પટેલ, ધાર્મિક જગદીશભાઈ પટેલ, પીનલ જગદીશભાઈ પટેલ, પુષ્પાબેન વાલજીભાઈ પટેલ તે અશોકભાઈ પટેલની પત્નિ, ઇન્દિરાબેન વાલજીભાઈ પટેલ તે નવીનભાઈ પટેલની પત્નિ, ઉર્મિલાબેન કિશનભાઈ પટેલની પત્ની તે જગુભાઈ પટેલની પુત્રી, સુરેશકુમાર જગુભાઈ પટેલના સંયુકત નામે માલીકી, કબજા, ભોગવટા, વહિવટ હેઠળની તમામ પ્રકારના દાવાઓથી મુકત, માર્કેટેબલ અને કલીયર ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે, જેથી સદરહુ જમીન બાબતે કોઇ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હકક, હિત, કબજો, સોદાચિઠ્ઠી/વેચાણ સાટાખત, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં, ગણોત-હકક, ખોરાકી હકક, ભરણપોષણનાં હકક, ઇઝમેન્ટનાં હકક, વારસાઇ યા વેચાણ વિરૂધ્ધ વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને આધારભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવવી, જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઇના કોઇપણ પ્રકારના હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની મારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અંગેના જરૂરી દસ્તાવેજી લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઇની તર-તકરાર યા વાંધો ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૨૫, ત્રીજો માળ, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત

પરેશ ડી. શેલડીયા તે ખરીદનારના એડવોકેટ

-:: જાહેર ચેતવણી ::-



આથી આ જાહેર ચેતવણીથી જાહેર જનતા તથા લાગતા વળગતા જોગ જણાવવાનું કે, બાજુમાં દર્શાવેલ ફોટાવાળો મારા અસીલ કિશોરભાઈ બાવચનભાઈ નાવડીયા, નો પુત્ર નીરવ કિશોરભાઈ નાવડીયા, મારા અસીલના કહ્યામાં નથી છે. જેની સાથે છેલ્લા ઘણા સમયથી મારા અસીલને કોઈ પણ પ્રકારનાં નાણાંકીય કે, સામાજીક રીતે સંબંધ નથી, અને તે પોતાની રીતે પોતાનું સ્વચ્છંદી અને સ્વતંત્ર જીવન જીવે છે, અને તેના નાણાંકીય રીતે કે, અન્ય કોઈ પણ બાબતે મારા અસીલ કે તેના કુંટુંબ પરિવારની કોઈ જ જવાબદારી થતી નથી. તેને મારા અસીલના કુંટુંબ પરિવારમાંથી તથા સ્થાવર તેમજ જંગમ મિલકતમાંથી કાયમી રીતે બેદખલ કરેલ છે. જેથી કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ પ્રકારના વ્યવહારો કરવા કરાવવા નહીં, અને જો તેમ છતા પણ કરશે તો તેના લેણા-દેવાની જવાબદારી મારા અસીલની કે તેના કુંટુંબના કોઈ પણ સભ્યની રહેશે નહીં, જેની તમામ લાગતા વળગતાઓ એ નોંધ લેવી. — સુરત. તા. ૨૦/૧૦/૨૬

મારી સુચના મુજબ

કિશોરભાઈ બાવચનભાઈ નાવડીયા, મો. નં. ૯૩૭૪૦ ૫૬૫૮૧

નરેશ એચ. નાવડીયા, તે કિશોરભાઈ બાવચનભાઈ નાવડીયા, ના એડવોકેટ

ઓફિસ:- ૪૧૫, શ્રેયસ ડાયમંડ સેન્ટર, ન્યુ ગીતા બેકરી ની ઉપર, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો. નં. ૯૮૨૫૨ ૯૧૪૮૪

મોજે દિહેણ ના બ્લોક નંબર ૮૩૮ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા ઓલપાડના ગામ **મોજે દિહેણ** ના **રેવન્યુ સર્વે નંબર ૫૪૫/૨, બ્લોક નંબર ૮૩૮** વાળી હે. આરે. ૧–૫૧–૭૬ ચો.મી. અને આકાર રૂા. ૧૧.૫૬ પૈસા ધરાવતી જુની શરતની ખેતી જમીન તેના મુળ ખેડુત/ માલિક/ કબજેદાર **જલ્પા દિલીપ કેવડિયા તે ભરતભાઈ ઉકાભાઈ તેજાણીની પુત્રી** ની સ્વતંત્ર માલિકીની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ– વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત **દીન–૭ માં** તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદ્દત વિત્યા બાદ સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક પાસેથી વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. — તા. ૨૧/૧૦/૨૦૨૬

૨૦૨, રાજદીપ કોમ્પલેક્ષ, સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ, કતારગામ રોડ, સુરત. મો.નં. ૯૯૨૪૬ ૪૧૦૨૮

ધવલ એ. ભલાણી તે ખરીદનારના એડવોકેટ (અસીલની સુચના અને ફરમાઈશથી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : ઉધના, મોજે : ગભેણીના બ્લોક સર્વે નં. ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૩, ૨૪૪/એ, ૨૪૪/બી, ૨૪૫ તથા ૨૪૯ વાળી અને હવે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૬૭ (સોનારી-જીઆવ-ગભેણી) ના અંતિમ ખંડ નં. ૩૮૭, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૫/એ તથા ૩૯૫/બી વાળી કુલ્લે આશરે ૯૭૯૧૬ સમ ચોરસ મીટર, ટેન્ટીટીવ રી-કોન્સ્ટીટ્યુશન પ્રમાણે ૬૬૭૦૯ સમ ચોરસ મીટર બિનખેતીની જમીનમાં આયોજીત **''ડાયમંડ ઈકો પાર્ક''** નામથી ઓળખાતી કોટેજ ઈન્ડસ્ટ્રીઝ માટે નિયત થયેલી એસ્ટેટમાં પાડવામાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી **''પ્લોટ નંબર : ૩૦૬૩''** વાળી આશરે ૧૪૯.૯૬ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન તથા આંતરીક રસ્તા અને કોમન ઓપન પ્લોટની સહીયારા વપરાશની જમીનમાં ફાળે પડતા અવિભાજ્ય હિસ્સાની ૬૭.૩૨ સમ ચોરસ મીટર જમીન જે કુલ્લે મળી ૨૧૭.૨૮ સમ ચોરસ મીટર જમીન થાય છે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની ખુલ્લા પ્લોટવાળી જમીન **દિવ્યાબેન મનોજકુમાર જરીવાલા** નાંએ તેમની પોતાની જ સંપુર્ણ સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ વપરાશવાળી તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, મજકુર માલીકે સદરહુ પ્લોટવાળી જમીન તમામ પ્રકારના બોજાથી મુક્ત અને વેચાણ દસ્તાવેજ વખતે અમારા અસીલને સદરહુ પ્લોટવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો સોંપવાનો વિશ્વાસ, વચન અને બાંહેધરી આપી સદરહુ પ્લોટવાળી જમીન અમારા અસીલને વેચાણ આપવાનું કબુલ નક્કી કરેલ છે. સબબ, સદરહુ પ્લોટવાળી જમીન ઉપર કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા અન્ય કોઈપણ વ્યક્તિના કોઈપણ પ્રકારના લાગ-ભાગ, હક્ક, હિત, અધિકાર, દર-દાવો, લીયન, બોજો કબજો-ભોગવટો ચાલી આવેલ હોય અને/અગર અમારા અસીલ સાથેના વેચાણ સોદા અંગે કોઈ તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં અમારા અસીલ તરફે અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. નોટીસની મુદત દરમ્યાન તેમ ન થતા મુદત બાદ, સદરહુ પ્લોટવાળી જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો ન હતો અને નથી અને જો હોય તો તે જતા કરેલ છે તેમ સમજી અમારા અસીલ, મજકુર **દિવ્યાબેન મનોજકુમાર જરીવાલા** ને કિંમતી વેચાણ અવેજ ચુકવી તેઓ પાસેથી સદરહુ પ્લોટવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર ચાલી શકશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. — અસીલની સુચનાથી

ઓફિસ : ૪૧૨, સીટીલાઈટ શોપીંગ સેન્ટર, મહેશ્વરી ભવનની પાસે, સીટી લાઈટ, સુરત-૩૯૫૦૦૭. મો. ૯૦૯૯૭ ૪૦૯૩૫.

ભૂમિ દીપક જરીવાલા / વિષ્ણુ એમ. પેચીવાલા તે ખરીદનારના એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લો : સુરત, તાલુકો : ઉધના, મોજે : ગભેણીના બ્લોક સર્વે નં. ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૩, ૨૪૪/એ, ૨૪૪/બી, ૨૪૫ તથા ૨૪૯ વાળી અને હવે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૬૭ (સોનારી-જીઆવ-ગભેણી) ના અંતિમ ખંડ નં. ૩૮૭, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૩૯૫/એ તથા ૩૯૫/બી વાળી કુલ્લે આશરે ૯૭૯૧૬ સમ ચોરસ મીટર, ટેન્ટીટીવ રી-કોન્સ્ટીટ્યુશન પ્રમાણે ૬૬૭૦૯ સમ ચોરસ મીટર બિનખેતીની જમીનમાં આયોજીત **''ડાયમંડ ઈકો પાર્ક''** નામથી ઓળખાતી કોટેજ ઈન્ડસ્ટ્રીઝ માટે નિયત થયેલી એસ્ટેટમાં પાડવામાં આવેલા ખુલ્લા પ્લોટો પૈકી **''પ્લોટ નંબર : ૩૦૬૨''** વાળી આશરે ૧૪૯.૯૬ સમ ચોરસ મીટર ક્ષેત્રફળવાળી જમીન તથા આંતરિક રસ્તા અને કોમન ઓપન પ્લોટની સહિયારા વપરાશની જમીનમાં ફાળે પડતા અવિભાજ્ય હિસ્સાની ૬૭.૩૨ સમ ચોરસ મીટર જમીન જે કુલ્લે મળી ૨૧૭.૨૮ સમ ચોરસ મીટર જમીન થાય છે તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની ખુલ્લા પ્લોટવાળી જમીન **ભાવિક ધર્મેશભાઈ જરીવાલા** નાંએ તેમની પોતાની જ સંપુર્ણ સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા અને વહીવટ વપરાશવાળી તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, મજકુર માલીકે સદરહુ પ્લોટવાળી જમીન તમામ પ્રકારના બોજાથી મુક્ત અને વેચાણ દસ્તાવેજ વખતે અમારા અસીલને સદરહુ પ્લોટવાળી જમીનનો પ્રત્યક્ષ કબજો સોંપવાનો વિશ્વાસ, વચન અને બાંહેધરી આપી સદરહુ પ્લોટવાળી જમીન અમારા અસીલને વેચાણ આપવાનું કબુલ નક્કી કરેલ છે. સબબ, સદરહુ પ્લોટવાળી જમીન ઉપર કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા અન્ય કોઈપણ વ્યક્તિના કોઈપણ પ્રકારના લાગ-ભાગ, હક્ક, હિત, અધિકાર, દર-દાવો, લીયન, બોજો કબજો-ભોગવટો ચાલી આવેલ હોય અને/અગર અમારા અસીલ સાથેના વેચાણ સોદા અંગે કોઈ તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં અમારા અસીલ તરફે અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. નોટીસની મુદત દરમ્યાન તેમ ન થતા મુદત બાદ, સદરહુ પ્લોટવાળી જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, અધિકાર, દર-દાવો, કબજો-ભોગવટો ન હતો અને નથી અને જો હોય તો તે જતા કરેલ છે તેમ સમજી અમારા અસીલ, મજકુર **ભાવિક ધર્મેશભાઈ જરીવાલા** ને કિંમતી વેચાણ અવેજ ચુકવી તેઓ પાસેથી સદરહુ પ્લોટવાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિત જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. જે અંગે કોઈની તર-તકરાર ચાલી શકશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી. — અસીલની સુચનાથી

ઓફિસ : ૪૧૨, સીટીલાઈટ શોપીંગ સેન્ટર, મહેશ્વરી ભવનની પાસે, સીટી લાઈટ, સુરત-૩૯૫૦૦૭. મો. ૯૦૯૯૭ ૪૦૯૩૫.

ભૂમિ દીપક જરીવાલા / વિષ્ણુ એમ. પેચીવાલા તે ખરીદનારના એડવોકેટ્સ